Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | |
|---|---|---|
| ૧ પંચજીનેશ્વરોની સ્તુતિ ... | ... કસ્તુરચંદ હેમચંદ દેશાઇ... | ... ૨૯ |
| ૨ માફી... ... ... | ... વેલચંદ ધનજી... ... | ... ૩૦ |
| ૩ તીર્થંકર ચરિત્ર... .. | ... મુનિ દર્શનવિજયજી મહારાજ | ... ૩૩ |
| ૪ ભગવાન મહાવીર સંબંધી થોડી હકીકત... | મુનિશ્રી જયંતવિજયજી... | ૩૭ |
| ૫ દ્રવ્યગુણ પર્યાય વિવરણ... | ... (શંકરલાલ ડાહ્યાભાઇ.) ... | ... ૪૦ |
| ૬ સંપાદકનું કર્તવ્ય. ... | ... ગાંધી. ... ... | ... ૪૨ |
| ૭ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. | વિઠ્ઠલદાસ મૂ૦ શાહ ... | ... ૪૩ |
| ૮ વર્તમાન સમાચાર... ... | ... ... | ... ૪૮ |
| ૯ સ્વીકાર અને સમાલોચના. ... | ... ... | ... ૫૦ |


# " અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું. "

૧ વૃહતકલ્પ પીઠિકા. ૨ કર્મગ્રંથચાર દેવેન્દ્રસૂરિકૃત ટીકા સાથે.
૩ વિલાસવઇકહા. ( અપભ્રંશ ભાષામાં )

## ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

૧ શ્રી મહાવીર ચરિત્ર—( પ્રાચીન ગ્રંથ ઉપરથી. ) પ્રેસમાં છે.
૨ શ્રી સુરસુંદરી સતી ચરિત્ર—અતિ રસમય ચરિત્ર. ( લખાય છે ).

નં. ૧-૨ માં આર્થિક સહાયની અપેક્ષા છે. સહાય આપનાર બંધુની ઇચ્છાપ્રમાણે સદ્વ્યય કરવામાં આવશે. આ સભા તરફથી પ્રગટ થતાં દરેક ગ્રંથના કાગળો, ટાઇપો, બાઇડીંગ એ તમામ ઉંચા પ્રકારના થતાં હોવાથી દરેક ગ્રંથોની સુંદરતા માટે લાઇફ મેમ્બરો અને વીઝીટરો વગેરે બંધુઓએ સંતોષ બતાવેલ છે.

## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ રણુછોડભાઇ રાયચંદ ઝવેરી. ૩ શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ.
૨ શેઠ સકરચંદ મોતીલાલભાઇ. ૪ શાહ નરોતમદાસ શામજી.

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના.

આ સભા તરફથી છત્રીસ વર્ષથી પ્રકટ થતાં સંખ્યાબંધ પુસ્તકો લાઇફ મેમ્બરોને ભેટ અપાય છે, અપાયા છે, પરંતુ જે જે લાઇફ મેમ્બર બંધુઓને કોઇ પણ વર્ષના કોઇ પણ પુસ્તકો ભેટના ન મળ્યા હોય તેમણે ત્રણ માસ સુધી અમોને કયા પુસ્તકો ભેટ મળ્યા નથી, ( પુસ્તકોની નોંધ અત્યાર સુધીના છપાયેલા રીપોર્ટ અને માસિકના ટાઇટલ પેજ પર હોય છે ) તે તપાસી લખી જણાવવું, જેથી તેનો યોગ્ય પ્રબંધ થશે. કેટલાક પુસ્તકો સીલીકે જુજ રહેલા હોવાથી ઉપરની મુદત વીતે કોઇ પણ પુસ્તક.લાઇફ મેમ્બર તે ભેટ મંગાવશે તો સભા આપી શકશે નહિ.

સેક્રેટરીઓ.

ભાવનગર ધી " આનંદ " પ્રિન્ટિંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम् । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम् । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

योगबिन्दु—श्री हरिभद्रसूरि.

पुस्तक २९ } वीर सं. २४५७. भाद्रपद. आत्म सं. ३६. { अंक २ जो.

## શ્રીપંચપરમેષ્ઠીની સ્તુતિ.

( મન્દાક્રાન્તા )

**શ્રીઋષભદેવ પ્રભુની—**

જ્હેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી,
છોડી રાજ્યાદિક વિભવને જે થયા મોક્ષધારી;
વ્હેતો કીધો સુગમ સઘળો મોક્ષનો માર્ગ જ્હેણે,
વન્દુ છું હું રૂષભ જીનને ધર્મ ધોરી પ્રભુને.

**શ્રીઅભિનંદન પ્રભુની—**

ચોથા આરા રૂપ નભ વિષે દીપતા સૂર્ય જેવા,
ઘાતી કર્મોરૂપ મૃગ વિષે કેસરી સિંહ જેવા;
સાચે ભાવે ભવિક જીવને આપતા મોક્ષ મેવા,
ચોથા સ્વામિ ચરણ યુગલે હું ચહું નિત્ય રહેવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રીઅનન્તનાથ પ્રભુની—**

જેઓ મુકિત નગર વસતા કાળ સાદિ અનન્ત,
ભાવે ધ્યાવે અવિચળપણે જેહને સાધુ સન્ત;
જ્હેની સેવા સુરમણિપરે સૌખ્ય આપે અનન્ત,
નિત્યે મ્હારા હૃદયકમળે આવજો શ્રીઅનન્ત.

**શ્રીકુંથુનાથ પ્રભુની—**

જ્હેની મૂર્તિ અમૃત ઝરતી ધર્મનો બોધ આપે,
જાણે મીઠું વચન વદતી શોક સંતાપ કાપે;
જ્હેની સેવા પ્રણય ભરથી સર્વ દેવો કરે છે,
તે શ્રીકુંથુજીન ચરણમાં ચિત્ત મારૂં ઠરે છે.

**શ્રીપાર્શ્વનાથ પ્રભુની—**

દેવેન્દ્રોના મુકુટમણિની કાન્તિથી મિશ્ર થાયે,
કાન્તિ જેના ચરણ નખની વિસ્તરી ઉર્ધ્વ જાયે;
જાણે દીવી ભવવનથકી મોક્ષનો માર્ગ કહેવા,
તેશ્રી આપો શુભમતિ મને થંભણાધીશ દેવા.

**સંગ્રાહક—કસ્તુરચંદ હેમચંદ દેસાઇ.**

## માફી.

**હે ભ્રાત !**

મન-વચ-કાય ત્રિયોગથી, કીધા **કર્મ** અનેક;
**માફી** ચાહું તેહની, **અર્પો** ધરી વિવેક.

**પર્યુષણ** પર્વને જૈન શાસ્ત્રકારોએ સર્વ પર્વમાં ઉત્તમ પર્વાધિરાજ તરીકે વર્ણવેલ છે. એ મહાન્ પર્વમાં અનેકવિધ ધાર્મિક કૃત્યો જેવા કે શ્રી વીતરાગ દેવનું પૂજન, ગુરૂમહારાજની ભકિત, શાસ્ત્ર શ્રવણ, યથાશકિત તપશ્ચર્યા, સાધર્મિક વાત્સલ્ય, જીવદયાનું પાલન, અમારીની ઉદ્‌ઘોષણા, ધાર્મિક પ્રભાવના, ચૈત્ય પરિપાટી, વાર્ષિક પ્રતિક્રમણ અને કરેલા દુષ્કર્મોની અંતઃકરણપૂર્વક ક્ષમા-માફીની આપ-લે કરવી વિગેરે કરવાનું હોય છે.

ઉપર બતાવેલ અનેક કૃત્યો પૈકી પરસ્પર થયેલા વૈરવિરોધ દૂર કરવા માટે **માફી** મેળવવાની અનિવાર્ય આવશ્યકતા જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"**માફી**" એ શબ્દની માધૂર્યતા હૃદયને દ્રાવક સાથે કોમલ બનાવે છે, કરેલા દુષ્કર્મોનો પશ્ચાત્તાપ કરાવે છે, પરસ્પર થયેલા વૈર-વિરોધને દૂર હઠાવે છે, જગત ભરમાં શાન્તિ સ્થાપવા મહાન્ મંત્ર છે. ચાલતા ઝગડા મીટાવવા વશીકરણ છે, તૂટેલી ઐકયતા સાંધવા અમોઘ શસ્ત્ર છે, યોગી, ભોગી, ગરીબ, તવંગર, રાય, રંક સર્વને હિતાવહ હોઇ અતિ પ્રિય લાગે છે. તેની ગેરહાજરીમાં થતી કોઇ પણ ક્રિયા લુણ વગરના ધાન્ય જેવી રસહીન લાગે છે. અહંકાર વા સત્તાના મદમાં ઘેરાએલ હરકોઇ વ્યકિત વા સત્તાધિશોએ લીધેલા દમનનાં પગલાં અન્યાય જનક હોઇ તેથી ચાલતા વિગ્રહોનું શમન પણ પરસ્પરની માફી દ્વારાએ જ શકય છે. 'માફી' જૈનધર્મના ફરમાન મુજબ પ્રત્યેક દિવસે, પંદર દિવસે, ચાર માસે અગર છેવટ બાર મહિને "વાર્ષિક પર્વ પર્યુષણા સંવત્સરી" ના દિવસે તો ચોક્કસ રીતે કરેલા દુષ્કર્મો અને થયેલા વૈર વિરોધ દૂર કરવા માટે ત્રિવિધે મન, વચન અને કાયાના યોગથી મેળવવાનો પ્રયાસ કરવો જોઇએ. તે મેળવ્યા બાદ ગુરૂ મહારાજની યોગ્ય સગવડ હોય તો તેમની પાસે નિખાલસ હૃદયથી થયેલા દુષ્કર્મોની આલોયણા લેવી જોઇએ અને છેવટે વાર્ષિક પ્રતિક્રમણ કરતાં શુદ્ધ અંતઃકરણથી કરેલા અપરાધની આલોચના પશ્ચાત્તાપ પૂર્વક કરવી જોઇએ અને પુનઃ તેવા દુષ્કર્મો નહીં કરવા સાધ્ય દૃષ્ટિ રાખવી જોઇએ.

કરેલા દુષ્કર્મોની **માફી** માંગવાને જૈન અને જૈનેતર દરેક શાસ્ત્રકારોએ આવશ્યકતા બતાવેલ છે છતાં જૈન શાસ્ત્રકારોએ તે તરફ ખાસ ભાર મૂકી મુખ્યપણે ધ્યાન ખેંચેલ છે.

અંતઃકરણ પૂર્વક માફી આપવી અને મેળવવી એ કહેવામાં ઘણી સહેલી પણ વર્તનમાં ઘણી કાઠન લાગે છે. દરેક સુજ્ઞ માણસ વિચાર કરશે તો પોતે ધારેલી હદ સુધી જવા માટે પ્રયાસ કરવા કેટલો ઉત્સુક છે તે સહેજે સમજી શકાય તેવું છે. માત્ર પ્રતિક્રમણ કર્યું અને "મિથ્યામિ દુષ્કૃતં" નો શબ્દોચ્ચાર કર્યો તેટલાથી ઇષ્ટસિદ્ધિ થઇ હોય એમ માનવાનું નથી. પરન્તુ એમાં રહેલા તાત્પર્યને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરવામાં આવે તોજ તેનું સાફલ્યતા ગણાયછે.

પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હઠવું-નિવર્તવું. આવી ઉચ્ચ ભાવના જે વિધાનમાં નિયમિત નિરંતર માટે યોજાએલ છે, તેને અંતઃકરણ પૂર્વક સક્રિય આચારમાં મૂકવામાં આવે તો કોઇ પણ પ્રાણી પરત્વે વૈર વિરોધનું લેશમાત્ર કારણ રહે નહીં. આવી વિશુદ્ધ પ્રવૃત્તિ કરનાર જૈનસમાજમાં અનેક વ્યક્તિઓ હશે. "બહુરત્ના વસુંધરા" એ કહેતી સહેતુક છે પણ એવી મહાન્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યકિતયોનો સમાગમ વર્તમાનમાં પ્રાયે દુ:પ્રાપ્ય લાગે છે છતાં જૈન કહો વા જૈનેતર કહો પણ **મહાત્મા ગાંધીજી**ના મન-વચન અને કાયિક સક્રિય પ્રયોગ અજોડ સ્થાને દૃશ્યમાન થાય છે. યોગ્ય લાગે તો એ મહાન્ પ્રતિભાશાળી દૈવી દૃશ્ય વ્યક્તિ તરફ દૃષ્ટિ કરી તેમના ચારિત્રમાંથી જે કાંઇ યોગ્ય લાગે તે ગ્રહણ કરવા પ્રયાસ કરીએ તો અવશ્યમેવ થોડો ઘણો લાભ મેળવી શકાય તેમ છે.

ચારિત્રની ખરી કિમ્મત આચરણ-વર્તન પરથી જ અંકાય છે!

ભગવાન **મહાવીર** દેવની વીતરાગતા, નિસ્પૃહતા, સરલતા, ક્ષમા એ આદિ અનેક ગુણો અદ્ભુત આશ્ચર્યકારક છે. શાસ્ત્રકારોએ તેના અંગે કરેલ વર્ણનની ગણત્રી પૈકી તે તે ગુણોને વર્તનમાં ઉતારવા માટે એ માર્ગના વિહારીઓ પણ પંથ કાપવામાં પુરી વિકટતા અનુભવે છે એટલે સામાન્ય પ્રાણીની શી ગણત્રી ! છતાં એ ગુણોનો કેટલેક અંશે વર્તમાનમાં નમુનો શોધવો હોય તો તેજ **મહાત્મા ગાંધીજી** દૃષ્ટિપથમાં અગ્રસ્થાને આવે છે. એમ કહેવામાં અતિશયોકિત લાગે પણ દ્રષ્ટિ એવી સૃષ્ટિ એ અબાધ નિયમ દરેક વિષયને સ્પષ્ટ કરવામાં અતિ ઉપયોગી જણાય છે. માટે સજ્જનોએ શુધ્ધ દ્રષ્ટિપૂર્વક સ્થાનની સ્થિતિ તપાસી માફીની શબ્દમાત્રથી નહીં પણ યોગ્ય અમલ પૂર્વક આપલે કરવી જોઇએ જેથી વિગ્રહો દૂર કરી આપસ આપસમાં એટલું જ નહીં પણ સમાજ ભરમાં શાન્તિ સ્થાપવાનું અપૂર્વ બળ મેળવી શકશો. ભારતવર્ષમાં અશાન્તિ દૂર કરવા માટે **ગાંધીજી**ની માફીની શૈલી મુગ્ધ મંત્ર સમાન લેખાય છે.

વર્તમાન જૈન સમાજમાં મતભેદથી ભેદભાવ પડી ગયો છે અને તેથી સમાજ અધોગતિના ઉંડાણમાં સબડી રહેલ છે તે તમામનું નિવારણ કરવા માટે તથા ઐકયતા સ્થાપવા માટે પવિત્ર જડીબૂટી સમાન સાચી ઔષધી તે માફી છે.

માફીની આપ લે કરવાની દરેક વ્યકિતની ફરજ છે એમ સમજી બન્ને પક્ષકારોએ ધાર્મિક ફરજ અદા કરવા ઉદ્યમ કરવો એ આવશ્યકતા છે, છતાં બન્નેમાંથી એક પક્ષ કદાચ માફી ન આપે તો આત્મધર્મના જીજ્ઞાસુ પ્રાણીઓએ તો પોતે નમ્રભાવે માફી આપવી અને શુદ્ધ ચારિત્રવાન બનવું એ ખરેખર આત્મધર્મ ગણાય છે.

ઉપરની હકીકતને એકાન્તમાં શાન્ત ચિત્તે વિચારવામાં આવશે તો સાચી માફીનું મહત્વ સહેજે સમજી શકાશે અને તેને અમલમાં મૂકવા યોગ્ય પ્રવૃત્તિ થશે તો પરસ્પર આત્મહિત સાધવામાં સહાયક બની પરંપરાએ શાન્તિનો સાચો લાભ મેળવી સુખી જીવન ગુજારવા ભાગ્યશાળી બનશો. માટે તે તરફ લક્ષ આપવા નમ્ર વિનતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ટ ૨૮૮ થી શરૂ )

૩૫ ત્યાર પછી શ્રમણભગવાન મહાવીર અન્ય કોઇ દિવસે શ્રાવસ્તી નગરીથી અને કોષ્ટક ચૈત્યથી નીકળી બાહરના દેશોમાં વિહરે છે તે કાલે તે સમયે **મેંઢિક ગ્રામ નામે નગર** હતું, તે મેંઢિક ગ્રામ નામે **નગરથી** બહાર ઉત્તર પૂર્વ દિશાને વિષે અહિં **સાણકોષ્ટક** ( શ્વાનકોષ્ટક ) નામે ચૈત્ય હતું, યાવત પૃથિવી **શિલાપટ્ટ** હતો તે શાણકોષ્ટક ચૈત્યની થોડે દુર અહિં મોટું **એક માલુકા** ( એક બીજવાળા વૃક્ષનું ) વન હતું. શ્યામ કાંતિવાળું યાવત્ મહા મેઘના સમૂહના જેવું હતુ. વળી તે પત્રવાળું પુષ્પવાળું હરિતવર્ણવડે અત્યંત દેદીપ્યમાન અને શ્રી શોભાવડે અત્યંત સુશોભિત હતું. તે મેંઢિક ગ્રામ નામે નગરમાં **રેવતી** નામે ગૃહપત્ની ( ઘરધણીયાણી ) રહેતી હતી, તે ઋદ્ધિવાળી અને કોઇથી પરાભવ ન પામે તેવી હતી. તે સમયે શ્રમણ ભગવાન **મહાવીર** અન્ય કોઇ દિવસે અનુક્રમે વિહાર કરતા જ્યાં મેંઢિક ગ્રામ નામે નગર છે, અને જ્યાં સાણકોષ્ટક નામે ચૈત્ય છે, ત્યાં આવ્યા. પર્ષદા વાંદીને પાછી ગઇ તે વખતે શ્રમણ ભગવંત મહાવીરના શરીરને વિષે મહાન પીડાકારી ઉજ્જવલ અત્યંત દાહ કરનાર–દુઃખે સહન કરવા યોગ્ય જેણે પિત્તજ્વર વડે શરીર વ્યાપ્ત કર્યું છે એવો અને જેમાં દાહ ઉત્પન્ન થાય છે એવો રોગ પેદા થયો અને તેથી **લોહીવાળા** ઝાડા થવા લાગ્યા.

---

બાકીનો વિષય ઘણોજ ગહન છે તેને વિશેષ છણવાની પુરી જરૂરીઆત છે. સુજ્ઞ જનો તે તરફ પ્રયાસ કરશે તો વિશેષ અજવાળું પાડી શકશે.

પ્રાન્તે ગત વર્ષમાં–ગત સમયમાં પત્ર તરીકે આ પત્ર દ્વારા કોઇ પણ વ્યકિત વા સંસ્થાને કાંઈ પણ મન દુઃખનું કારણ થયેલ હોય તો તે માટે ત્રિવિધે માફી ચાહીએ છીએ. ઇતિ શુભં !

શ્રીવીરાબ્દ ૨૪૫૭ ભાદ્રપદ<br>શુકલ ચતુર્થી–પર્યુષણા } **વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારે **વર્ણના** મનુષ્યો કહે છે કે [3]એ પ્રમાણે ખરેખર શ્રમણભગવાન્ મહાવીર મંખલિપુત્ર ગોશાલકના તપના તેજવડે પરાભવ પામી છ માસને અંતે પિત્ત-જ્વર યુકત શરીરવાળા થઇને દાહની ઉત્પતિથી છદ્મસ્થાવસ્થામાં કાળ કરશે. તે કાળે તે સમયે શ્રમણભગવાન મહાવીરના અન્તેવાસી શિષ્ય **સિંહ** નામે અનગાર પ્રકૃતિવડે ભદ્ર તથા વિનીત હતા. તે **માલુકા** વનથી થોડે દૂર નિરંતર છઠ્ઠનો તપ કરવાવડે **બાહુ ઉંચા** રાખી વિહરે છે. તે વખતે તે સિંહ અનગાર ને ધ્યાનાંતરિકાને વિષે વર્તતા આવા પ્રકારનો આ સંકલ્પ ઉત્પન થયો. " એ પ્રમાણે ખરેખર મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક પણ ભગવંત મહાવીરના શરીરને વિષે અત્યન્ત દાહ કરનાર મહાન્ પીડાકારી રોગ પેદા થયો છે ઇત્યાદિ. તે છદ્‌મસ્થાવસ્થામાં કાળ ધર્મ પામશે અન્ય તીર્થિકો કહેશે કે તે છદ્‌મસ્થાવસ્થામાં કાળ ધર્મ પામ્યા." આવા પ્રકારના આ મોટા માનસિક દુઃખ વડે પીડિત થએલ તે સિંહ અનગાર આતાપના ભૂમિથી નીચે ઉતરી જ્યાં માલુકા વન છે ત્યાં આવીને માલુકા વનની અંદર પ્રવેશ કરીને તેણે મોટા શબ્દથી કુહુકુહુ ( ઠુઠવો મુકી ) એ રીતે અત્યંત રૂદન કર્યું. શ્રમણભગવાન્ મહાવીરે હે આર્યો ! એ પ્રમાણે શ્રમણનિર્ગ્રન્થોને બોલાવી કહ્યું. હે આર્યો ! ખરેખર મારા અન્તેવાસી સિંહ નામે અનગાર પ્રકૃતિવડે ભદ્ર છે ઇત્યાદિ પૂર્વોકત કહેવું યાવત્ તેણે અત્યંત રૂદન કર્યું તે માટે હે આર્યો ! જાઓ અને તમે સિંહ અનગારને બોલાવો. શ્રમણભગવંત મહાવીરે એ પ્રમાણે કહ્યું એટલે તે શ્રમણનિર્ગંથો શ્રમણ-ભગવંત મહાવીરને વંદન કરે છે-નમે છે. વંદન કરીને શ્રમણભગવંત મહાવીરની પાસેથી અને સાણકોષ્ટક ચૈત્યથી નીકળી જ્યાં માલુકા વન છે અને જ્યાં સિંહ અનગાર છે ત્યાં આવે છે. ત્યાં આવીને તેણે સિંહ અનગારને કહ્યું હે સિંહ ! **ધર્માચાર્ય** તમને બોલાવે છે. ત્યારે તે સિંહ અનગાર શ્રમણનિર્ગંથોની સાથે માલુકા વનથી નીકળી જ્યાં સાણકોષ્ટક ચૈત્ય છે અને જ્યાં શ્રમણભગવંત મહાવીર છે ત્યાં આવે છે. ત્યાં આવીને શ્રમણભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરે છે, યાવત્ પર્યુપાસના કરે છે. શ્રમણભગવંત મહાવીરે હે સિંહ ! એ પ્રમાણે સિંહ અનગારને બોલાવી આ પ્રમાણે કહ્યું. હે સિંહ ! ખરેખર ધ્યાનાંતરિકામાં વર્તતા તને આવા પ્રકારનો આ સંકલ્પ થયો હતો યાવત્ તેં અત્યંત રૂદન કર્યું હતું. હે સિંહ ! ખરેખર આ વાત સત્ય છે ? હા સત્ય છે. હે સિંહ ! હું નક્કી મંખલિપુત્ર ગોશાલકના તપના તેજથી પરા-

૩ બુદ્ધ ગૌતમે પણ આ ઘટનાને લક્ષ્યમાં રાખી પોતાના શિષ્યને " દીર્ઘ તપસ્વી મહાવીર " નું મૃત્યુ થયું. એમજ કહ્યું છે. આ ઘટનાના બીજે વર્ષે બુદ્ધનું બુદ્ધ-નિર્વાણ થયું છે. ( વૈશાખ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ પામી છ માસને અન્તે યાવત્ કાળ કરીશ નહિ. હું બીજા **સોળ વરસ** જિન પણે **ગંધહસ્તિની** પેઠે વિચરીશ. તે માટે હે સિંહ ! તું મેંઢિક ગ્રામ નગરમાં રેવતી ગૃહપત્નીના ઘેર જા. ત્યાં **રેવતી** ગૃહપત્નીએ મારે માટે બે કોહળાના ફળો સંસ્કાર કરી તૈયાર કર્યા છે. તેનું મારે પ્રયોજન નથી પરંતુ તેથી બીજો ગઇ કાલે કરેલો માર્જારકૃત ( માર્જાર નામે વાયુને શાંત કરનાર ) બીજોરા પાક છે તેને લાવ એનું મારે પ્રયોજન છે. ત્યાર પછી શ્રમણભગવંત મહાવીરે એ પ્રમાણે કહ્યું એટલે તે સિંહ અનગાર પ્રસન્ન અને સંતુષ્ટ તથા પ્રફુલ્લિત હૃદયવાળા થઇ શ્રમણભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરી ત્વરા ચપળતા અને ઉતાવળ રહિતપણે મુખવસ્ત્રિકાનું પ્રતિ લેખન કરી, ગૌતમસ્વામીની પેઠે જ્યાં શ્રમણભગવંત મહાવીર છે ત્યાં આવે છે. ત્યાં આવીને શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરી શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી અને સાણકોષ્ટક ચૈત્યથી નીકળે છે, ત્યાંથી નીકળી ત્વરારહિતપણે જ્યાં મેંઢિક ગ્રામ નામે નગર છે ત્યાં આવે છે. ત્યાં આવી મેંઢિક ગ્રામ નગરના મધ્ય ભાગમાં થઇ જ્યાં રેવતી ગૃહપત્નીનું ઘર છે ત્યાં આવી તેણે **રેવતી** ગૃહપત્નીના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યારે તે **રેવતી** ગૃહપત્નીએ સિંહ અનગારને આવતા જોયા. જોઇને **પ્રસન્ન** અને **સંતુષ્ટ થઈ** જલ્દી આસનથી ઉભી થઇને સિંહ અનગારની સામે **સાત આઠ પગલાં** સામી ગઇ. સામી જઇને તેણે ત્રણ વાર પ્રદક્ષિણા કરી **વંદન** અને **નમસ્કાર** કરી કહ્યું. હે દેવાનુપ્રિય ! આગમનું **પ્રયોજન** કહો. ત્યારે સિંહ અનગારે રેવતી ગૃહ-પત્નીને એમ કહ્યું ખરેખર તમે શ્રમણ ભગવંત મહાવીરને માટે બે કોહળા સંસ્કાર કરી તૈયાર કર્યા છે તેનું પ્રયોજન નથી, પરંતુ બીજો ગઇ કાલે કરેલો માર્જારકૃત ( માર્જાર વાયુને શમાવનાર ) **બીજોરાપાક** છે તેને આપો, **તેનું પ્રયોજન છે.** ત્યારે તે રેવતી ગૃહપત્નીએ સિંહ અન-ગારને કહ્યું હે સિંહ ! આ કોણ જ્ઞાની કે તપસ્વી છે કે જેણે તને આ રહસ્ય ( ગુપ્ત ) અર્થ તુરત કહ્યો. અને જેથી તું જાણે છે. એ પ્રમાણે **સ્કન્દકના** અધિકારમાં કહ્યા પ્રમાણે અહિં કહેવું, યાવત જેથી ( ભગ-વંતના કથનથી ) હું જાણું છું. ત્યારે તે રેવતી ગૃહપત્ની સિંહ અનગારની એ વાત સાંભળી હૃદયમાં અવધારી હૃષ્ટ અને સંતુષ્ટ થઇ જ્યાં ભોજનગૃહ ( રસોડું ) છે ત્યાં આવીને પાત્ર નીચે મુકે છે. પાત્ર નીચે મુકીને જ્યાં સિંહ અનગાર છે ત્યાં આવે છે, ત્યાં આવીને સિંહ અનગારના પાત્રને વિષે તે સર્વ ( બીજોરા પાક ) આપે છે. તે સમયે તે રેવતી ગૃહપત્નીએ **દ્રવ્યશુદ્ધ** એવા તે દાનવડે સિંહ અનગારને પ્રતિલાભિત કરવાથી **દેવાયુષ** બાંધ્યું. "વિજયની પેઠે રેવતીએ જન્મ અને જીવિતવ્યનું ફલ પ્રાપ્ત કર્યું." એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્ઘોષણા થઇ. હવે તે સિંહ અનગાર રેવતી ગૃહપત્નીના ઘરથી નીકળી મેંઢિક ગ્રામ નગરના મધ્ય ભાગમાં થઇને નીકળે છે. નીકળીને ગૌતમ-સ્વામીની પેઠે ભાત પાણી દેખાડે છે. અને શ્રમણ ભગવંત મહાવીરના હાથમાં તે સર્વ સારી રીતે મુકે છે. ત્યારબાદ શ્રમણ ભગવંત મહાવીર મૂર્છા **આસકિત રહિત** તૃષ્ણા રહિતપણે સર્પ જેમ બિલમાં પેસે તેમ પોતે તે આહારને શરીરરૂપ કોષ્ટમાં નાંખે છે. હવે તે આહારને ખાધા પછી શ્રમણ ભગવંત મહાવીરનો તે મહાન્ પીડાકારી રોગ તુરત જ **શાન્ત** થયો. તે હૃષ્ટ, રોગ રહિત અને બળવાન શરીરવાળા થયા. **શ્રમણો** તુષ્ટ થયા, **શ્રમણી**ઓ તુષ્ટ **થઈ**, **શ્રાવકો** તુષ્ટ થયા, **શ્રાવિકા**ઓ તુષ્ટ થઇ, **દેવો** તુષ્ટ થયા, **દેવીઓ** તુષ્ટ થઇ, અને દેવ મનુષ્ય અને અસુરો સહિત સમગ્ર **વિશ્વ** સંતુષ્ટ થયું કે શ્રમણ ભગવાન્ મહાવીર હૃષ્ટ **રોગ રહિત** થયા.

૩૬ [ પ્ર૦ ] ભગવાન્ ! ગૌતમે ભગવાન્ ! એમ કહી શ્રમણ ભગવાન્ મહાવીરને વંદન અને નમસ્કાર કરી એ પ્રમાણે કહ્યું. એ પ્રમાણે ખરેખર દેવા-નુપ્રિય એવા આપના અન્તેવાસી **પૂર્વ** દેશમાં ઉત્પન્ન થયેલા **સર્વાનુભૂતિ** નામે અનગાર જે પ્રકૃતિના ભદ્ર હતા યાવત્ વિનીત હતા. હે ભગવાન્ જ્યારે તેને મંખલિપુત્ર ગોશાલકે તપના તેજથી ભસ્મરાશિરૂપ કર્યા ત્યારે તે મરીને કયાં ગયા? કયાં ઉત્પન્ન થયા ?

[ ઉ૦ ] એ પ્રમાણે ખરેખર હે ગૌતમ ! મારા અન્તે વાસી પૂર્વ દેશો-ત્પન્ન **સર્વાનુભૂતિ** નામે અનગાર પ્રકૃતિના ભદ્ર યાવત્ વિનીત હતા. તેને જ્યારે મંખલિપુત્ર ગોશાલકે ભસ્મરાશિરૂપ કર્યા ત્યારે તે ઉર્ધ્વ લોકમાં ચન્દ્ર અને સૂર્યને યાવત્ બ્રહ્મ, લાન્તક અને મહાશુક્ર કલ્પને ઓળંગી **સહસ્રાર કલ્પમાં** દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાએક દેવોની અઢાર સાગરોપમની સ્થિતિ કહી છે. ત્યાં સર્વાનુભૂતિ દેવની પણ **અઢાર સાગરોપમ**ની સ્થિતિ છે. તે સર્વાનુભૂતિ દેવ તે દેવલોકથી આયુષનો ક્ષય થવાથી અને સ્થિતિનો ક્ષય થવાથી **મહાવિદેહ** ક્ષેત્રમાં **સિદ્ધ** થશે અને સર્વ દુઃખોનો અન્ત કરશે.

૩૭ [ પ્ર૦ ] એ પ્રમાણે ખરેખર દેવાનુપ્રિય એવા આપના શિષ્ય **કોશલ** દેશમાં ઉત્પન્ન થયેલા **સુનક્ષત્ર** નામે અનગાર પ્રકૃતિના ભદ્ર યાવત્ વિનીત હતા. તેને જ્યારે મંખલિપુત્ર ગોશાલકે તપના તેજથી પરિતાપ ઉત્પન્ન કર્યો, ત્યારે તે મરણ સમયે કાળ કરીને કયાં ગયા ? કયાં ઉત્પન્ન થયા ?

[ ઉ૦ ) હે ગૌતમ ! એ પ્રમાણે ખરેખર મારો શિષ્ય **સુનક્ષત્ર** નામે અનગાર પ્રકૃતિનો ભદ્ર યાવત્ વિનીત હતો, તેને જ્યારે મંખલિપુત્ર ગોશાલકે તપના તેજથી પરિતાપ ઉત્પન્ન કર્યો ત્યારે તે મારી પાસે આવ્યો. મારી પાસે આવી **વન્દન**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીર સંબંધી થોડી હકીકતો.

## શ્રી વીર ચરિત્રમાં આવતાં નગર, નદી, મનુષ્યો વગેરેના નામો.

( ગતાંક પૃષ્ઠ ૩૦૩ થી શરૂ. )

| સર્ગ. | શ્લો. | | | |
|---|---|---|---|---|
| ૮ | ૨૭૦ | ચંપાનગરીમાં | પૂર્ણભદ્રોદ્યાનમાં | ભગવાન સમોસર્યા. |
| ,, | ૨૭૭ | જિતશત્રુ | કાશીનગરીનો રાજા | ગંગાને કાંઠે કાશીનગરી. |
| ,, | ૨૭૮ | ચુલ્લનીપિતા ગૃહપતિ કાશીમાં. | | |
| ,, | ૨૭૯ | શ્યામા તેની સ્ત્રી. | | |
| ,, | ૨૮૨ | કાશીનગરીમાં કોષ્ઠક વનમાં ભગવાન સમોસર્યા. | | |
| ,, | ૨૯૭ | સુરાદેવગૃહી | કાશીમાં | |
| ,, | ,, | ધન્યા તેની સ્ત્રી. | | |
| ,, | ૨૯૯ | આલંભિકાપુરી | શંખવનોદ્યાનમાં ભગવાન સમોસર્યા. | |
| ,, | ૩૦૦ | ચુલ્લશતિકગૃહી | આલંભિકાપુરીમાં. | |
| ,, | ,, | બહુલા | તેની સ્ત્રી | |
| ,, | ૩૦૨ | કાંપીલ્યપુર | સહસ્રામ્રવનોદ્યાનમાં | ,, ,, |
| ,, | ૩૦૩ | કુંડગોલિક | તેજનગરમાં. | |
| ,, | ,, | પુષ્પા | તેની સ્ત્રી. | |
| ,, | ૩૦૫–૩૧૧ | પૌલાશપુર | સહસ્રામ્રવનમાં. | |
| ,, | ૩૦૫ | શબ્દાલપુત્ર કુંભકાર પૌલાશપુરમાં | | ગોશાલકોપાસક પહેલાં હતો પછી મહાવીર ભકત શ્રાવક થયો. |
| ,, | ,, | અગ્નિમિત્રા તેની સ્ત્રી | | |
| ,, | ૩૨૭ | રાજગૃહનગર | ગુણશિલચૈત્યમાં | ભગવાન સમોસર્યા. |

---

નમસ્કાર કરી, સ્વયમેવ પાંચ મહાવ્રતોનો ઉચ્ચાર કરી, શ્રમણ અને શ્રમણીઓને **ખમાવી,** આલોચના અને પ્રતિક્રમણ કરી **સમાધિને** પ્રાપ્ત થઇ, મરણ સમયે કાળ કરીને ઉર્ધ્વલોકમાં ચન્દ્ર અને સૂર્યને તથા આણુત પ્રાણુત અને આરણ કલ્પને ઓળંગી **અચ્યુત** દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં કેટલાએક દેવોની બાવીશ સાગરોપમની સ્થિતિ કહી છે, તેમાં સુનક્ષત્ર દેવની **પણ બાવીશ સાગરોપમ**ની સ્થિતિ છે. બાકી સર્વાનુભૂતિ સંબન્ધે કહ્યું છે તેમ અહિં જાણવું યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરશે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ,, | ૩૨૮ | મહાશતકગૃહી | રાજગૃહમાં. |
| ,, | ,, | રેવતી | તેની સ્ત્રી. |
| ,, | ૩૩૧ | શ્રાવસ્તી નગરીમાં કોષ્ઠકવનમાં. | ,, ,, |
| ૮ | ૩૩૨ | નન્દિની પિતાગૃહી | શ્રાવસ્તીનગરીમાં. |
| ,, | ,, | અશ્વિની | તેની સ્ત્રી. |
| ,, | ૩૩૪ | લાન્તકા પિતાગૃહી | ,, |
| ,, | ,, | ફાલ્ગુની | તેની સ્ત્રી. |
| ,, | ૩૩૭ | કૌશાંબી નગરીમાં ભગવાન સમોસર્યા. | સૂર્યચંદ્રમૂલવિમાનથી આવ્યા. ચન્દનબાલા અને મૃગાવતીને કેવલજ્ઞાન થયું. |
| ,, | ૩૫૪ | શ્રાવસ્તીનગરીમાં કોષ્ઠકવનમાં ભગવાન સમોસર્યા. | |
| ,, | ૩૫૬ | હાલાહલા કુંભકારી | શ્રાવસ્તીમાં તેની દુકાનમાં ગોશાલક ઉતર્યો હતો ગોશાલક તેજોલેશ્યોપસર્ગ–ગોશાલક મરણ–તેજોલેશ્યાના ઉપસર્ગ પછી ભગવાન ૧૬ વર્ષ જીવ્યા. |
| ,, | ૩૬૭ | આનન્દ સ્થવિર | ભગવાનના શિષ્ય |
| ,, | ૪૦૪ | સર્વાનુભૂતિ | ,, , |
| ,, | ૪૦૯ | સુનક્ષત્ર | ,, ,, |
| ,, | ૪૩૧ | વત્સાચ્છકુત્સમગધ વંગમાલવકોશલાન્ પાટલાટ વજ્જિમાલિ | |
| ,, | ૪૩૨ | મલયાવાધકાંગકાન્ । કાશીન્ સહ્મોત્તરાન્ દેશાન્ નિર્દગ્ધું ષોડશેશ્વરા તેજોલેશ્યા. | |
| ,, | ૪૩૮ | અયંપુલ | શ્રાવસ્તીમાં ગોશાલકોપાસક. |
| ,, | ૪૭૧ | મેંઢકગ્રામ કોષ્ઠકચૈત્યમાં | ભગવાન સમોસર્યા. |
| ,, | ૫૪૫ | સિંહ | ભગવાનના શિષ્ય. |
| ,, | ૫૫૦ | રેવતી શ્રાવિકા ( મેંઢકગ્રામ ) | બીજોરાપાક વહોરાવનારી. |
| ૯ | ૨૧ | પોતનપુર મનોરમોદ્યાનમાં | ભગવાન સમોસર્યા. |
| ,, | ૨૨ | પ્રસન્નચંદ્ર | તે નગરનો રાજા. |
| ,, | ૨૫ | રાજગૃહનગર. | ,, ,, |
| ,, | ૫૪ | ઋષભદત્તશ્રેષ્ઠી | રાજગૃહનગરમાં. |
| ,, | ૫૫ | જંબૂકુમાર | તે શેઠના પુત્ર સુધર્મસ્વામીના શિષ્ય થશે. |
| ,, | ૬૩ | કાલસૌકરિક | રાજગૃહમાં પાડા મારનાર. |
| ,, | ૧૪૪ | કપિલાદાસી બ્રાહ્મણી ,, | શ્રેણિકની દાસી |
| ,, | ૧૬૬ | પૃષ્ટ ચંપાપુરી | ભગવાન સમોસર્યા. |
| ,, | ૧૬૭ | સાલ | તે નગરીનો રાજા } તે બંને ભાઇઓ છે. |
| ,, | ,, | મહાસાલ | તેનો યુવરાજ } |
| ,, | ૧૬૮ | ગાગલિ | તે બંનેનો ભાણેજ—પિઠર અને યશોમતીનો પુત્ર. |
| ,, | ,, | પિઠર | ગાગલિનો પિતા. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ,, | ,, | યશોમતિ | ,, ની માતા. |
| ,, | ૧૭૦ | ચંપાનગરી | ભગવાન સમોસર્યા કાલાંતરે વિહાર કરતા. |
| ,, | ૧૭૧ | પૃષ્ઠચંપાપુરી | ગૌતમસ્વામી પધાર્યા–સાલ વિગેરે પાંચે જણને કેવલજ્ઞાન થયું–પૃષ્ટ ચંપાપુરીથી ચંપાપુરી ભગવાનને વાંદવા જતાં રસ્તામાં તેઓને કેવલજ્ઞાન થયું. |
| ,, | ૧૮૧ | અષ્ટાપદ પર્વત | ગૌતમસ્વામીએ યાત્રા કરી–કૌંડિન્ય દત્ત-સેવાલાદિ૧૫૦૩ તાપસોને દીક્ષા આપી–તેઓ કેવળી થયા. |
| ,, | ૨૬૨ | અંબર પરિવ્રાટ્ પરમ શ્રાવક. | |
| ૧૦ | ૧ | દશાર્ણદેશ | ચંપાનગરીથી વિહાર કરતા ક્રમેણ ભગવાન પધાર્યા. |
| ,, | ,, | દશાર્ણપુર | તે દેશમાં. |
| ,, | ૨ | દશાર્ણભદ્ર | તેનો રાજા. |
| ,, | ૫૭ | શાલિગ્રામ | રાજગૃહના તાબાનું–શાલિગ્રામથી રાજગૃહમાં દુધ દહીં વેચવા માટે ધન્યા આવતી. |
| ,, | ,, | ધન્યા | શાલિભદ્રની પૂર્વભવની માતા શાલિગ્રામમાં આવી. |
| ,, | ૫૮ | સંગમક | શાલિભદ્રનું પૂર્વભવનું નામ. |
| ,, | ૭૩ | ગોભદ્રશેઠ | રાજગૃહનગરમાં શાલિભદ્રનો પિતા. |
| ,, | ,, | ભદ્રા | તેની સ્ત્રી ,, ની માતા. |
| ,, | ૭૭ | શાલિભદ્ર | |
| ,, | ૧૩૬ | ધન્ય | રાજગૃહનગરમાં— ,, નો બનેવી. |
| ,, | ૧૪૫ | વૈભારગિરિ | રાજગૃહ પાસે ભગવાન સમોસર્યા. |
| ,, | ૧૫૩ | રાજગૃહનગરમાં | ફરીને ભગવાન સમોસર્યા. વૈભાર ગિરિ ઉપર ધન્નાશાલિભદ્રે અણસણ કર્યું. |
| ૧૧ | —૨ | લોહખુરચૌર | રાજગૃહ–વૈભારગિરિમાં–રોહિણેયનો પિતા. |
| ,, | ૬ | રોહિણી | તેની સ્ત્રી ,, ની માતા |
| ,, | ,, | રોહિણેયચોર.............................( પછી તેણે દીક્ષા લીધી. ) | |
| ,, | ૧૫ | રાજગૃહનગરમાં | ભગવાન સમોસર્યા રોહિણેયે ભ૦ નાં વચન સાંભળ્યાં. |
| ,, | ૧૦૭ | રાજગૃહનગરમાં | ,, ,, રોહિણેયે દીક્ષા લીધી |
| ,, | ૧૭૩ | ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતનની પાસે નીચેનાં ૪ રત્નો હતાં ૧ લોહજંઘદૂત–અગ્નિભીરૂરથ–૨–શિવાદેવી પટ્ટરાણી–૩ નલગિરિહાથી ૪ | |
| ,, | ૧૭૪ | ભૃગુકચ્છ—ઉજ્જયિનીથી ભૃગુકચ્છ–૨૫ યોજન દૂર હતું. | |

( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દ્રવ્ય ગુણપર્યાય વિવરણ.

ગતાંક પૃષ્ટ ૨૨૫ થી શરૂ.

## सप्तभंगी—स्वरुप.

**' પ્રત્યેક દ્રવ્યની ક્રોડો ગમે સપ્તભંગી થઇ શકે. '**

જેમ દ્રવ્ય પર્યાયથી અનેક ભંગ થાય છે તેમજ ક્ષેત્ર, કાળ, ભાવ, આદિથી પણ અનેક ભંગ થવાનો સંભવ છે. જેમકે ઘટ દ્રવ્ય તે સ્વપણે કહીએ તો ક્ષેત્રાદિક ઘટ બીજા ગણાય એમ પ્રત્યેક ક્રોડો ગમે તે સપ્તભંગી થઇ શકે.

## સપ્તભંગીની સમજણ.

(૧) घटः स्यादस्त्येव—પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી કથંચિત્ ઘટ છે.

(૨) घटः स्यान्नास्त्येव—પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ ઘટ કથંચિત્ નથી.

(૩) स्याद वाच्यएव— એકજ સમયે અસ્તિ નાસ્તિની વિવક્ષા નહિ કરી શકાતી હોવાથી ઘટ કથંચિત્ અવાચ્ય છે.

(૪) स्यादस्तिएवनास्त्येव--સ્વરૂપથી અસ્તિત્વ અને પરરૂપથી નાસ્તિત્વ હોવાથી ઘટ કથંચિત્ છે અને કથંચિત્ નથી.

(૫) स्यादस्ति एव स्याद वक्तव्य--એક અંશ સ્વસ્વરૂપથી અને બીજો અંશ એકજ સમયમાં બન્ને રૂપથી વિવક્ષિત કરતાં ઘટ છે પણ અવાચ્ય છે.

(૬) स्यान्नास्ति अवाच्य--અન્ય દ્રવ્ય ક્ષેત્રાદિથી ઘટ નથી, અને બીજો અંશ ઉભયરૂપથી વિવક્ષિત કરતાં અવાચ્ય છે તેથી ઘટનું અસત્વ અને અવાચ્યપણું થાય છે.

(૭) स्यादस्ति नास्ति अवक्तव्य--સ્વદ્રવ્ય ક્ષેત્રાદિથી ઘટનું સત્પણું, પરદ્રવ્યથી ક્ષેત્રાદિથી અસત્પણું તથા અસ્તિ નાસ્તિ બન્ને રૂપથી ઘટ અવાચ્ય છે.

## ઘટની સપ્તભંગી.

(૧) સ્વદ્રવ્ય ક્ષેત્રકાળ ભાવથી ઘટ છે (૨) પરદ્રવ્ય ક્ષેત્રકાળ ભાવથી ઘટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી (૩) એકજ વખતે બે પર્યાય નહિ કહી શકાય માટે અવાચ્ય છે. (૪) એક અંશ સ્વરૂપે અને એક અંશ પરરૂપે કહીએ ત્યારે ઘટ છે અને નથી. (૫) એક અંશ સ્વરૂપે અને એક અંશ યુગપત ઉભયરૂપે કહીએ ત્યારે ઘટ છે પણ અવાચ્ય છે. (૭) એક અંશ સ્વરૂપે, અને એક અંશ પરરૂપે અને એક અંશ યુગપત્ ઉભયરૂપે કહીએ ત્યારે ઘટ છે નથી અને અવાચ્ય છે. એ પ્રમાણે સંક્ષિપ્તમાં સપ્તભંગી છે.

## દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ સપ્તભંગીના ભેદ અભેદ.

### પ્રથમ ભાંગો.

(૧) પર્યાયાર્થિક નયની અપેક્ષાથી દ્રવ્યગુણ પર્યાય યુકત સર્વ પદાર્થ ભિન્ન છે અને

### બીજો ભાંગો.

(૨) દ્રવ્યાર્થિક નયની અપેક્ષાથી દ્રવ્ય, ગુણપર્યાય યુકત સર્વ પદાર્થ કથંચિત અભિન્ન છે, કેમકે દ્રવ્યના જે ગુણ પર્યાય છે તે આવિર્ભાવ અને તિરોભાવ રૂપ છે.

### ત્રીજો ભાંગો.

(૩) અનુક્રમે જ્યારે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંન્ને નયની યોજના કરીયે ત્યારે કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન થઇ જાય છે કેમકે પર્યાયથી ભિન્ન છે અને દ્રવ્યથી વસ્તુ અભિન્ન છે.

### ચોથો ભાંગો.

(૪) જો એકજ સમયમાં પર્યાય તથા દ્રવ્યરૂપ બન્ને અર્થ કહેવાની ઇચ્છા કરીએ તો તે પદાર્થ અવકતવ્ય દશામાં આવી જાય છે, કારણ કે એ તો સહજ સમજાય તેમ છે કે એકજ વખતે અને એકજ શબ્દવતી બંને અર્થનું કથન કોઇ કાળે થઇ શકતું નથી. સમુહાલંબન જ્ઞાનથી બે વ્યકિતને કહી શકાય પણ તેના જુદા જુદા અર્થ એકજ વખતે કદી કહી શકાય જ નહિ માટે બન્ને નયના અર્થની અપેક્ષાથી અવાચ્ય છે.

### પાચમો ભાંગો.

(૫) પ્રથમ પર્યાયાર્થિક નયની કલ્પના કરીને વસ્તુને ભિન્ન કહેવામાં આવે અને પછી એ બન્ને નયની વિવિક્ષા કરવા જતાં વસ્તુ અવાચ્ય થઇ જાય ત્યારે પર્યાયથી તે વસ્તુ ભિન્ન ગણાય અને બન્ને નયથી અવાચ્ય થઈ જાય એટલે કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અવકતવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**છઠ્ઠો ભાંગો.**

(૬) દ્રવ્યાર્થિક નયની કલ્પના કરીને પછી બન્ને નયની યોજના કરવાથી વસ્તુ અભિન્ન થાય અને અવાચ્ય પણ થાય,

**સાતમો ભાંગો.**

(૭) જો ક્રમવાર બન્ને નયની જુદા કલ્પના કરીને પછી બન્નેની સાથેજ વિવિક્ષા કરવામાં આવે તો ભિન્ન અભિન્ન અવકતવ્ય થઇ જાય (ચાલુ)

## સંપાદકનું કર્તવ્ય.

ગતાંક પૃષ્ઠ ૨૩ થી શરૂ.

બીજો વિષય સામાયિક પત્રોના સંપાદનનું કાર્ય છે તે કામ પણ બહુજ કઠિન છે. આજકાલ સંપાદક તેને કહેવામાં આવે છે કે જે મહાશય પ્રબંધ લખે, પ્રુફ વાંચે, તેમજ પત્ર, પત્રિકા છપાવે પણ આ ધારણા ભ્રમમૂલક છે. આ કાર્યમાં તો સંપાદકનું પ્રધાન કર્તવ્ય ઉચિત વિષયોને ચુંટવા, તેના ઉપર લખેલ લેખોને પસંદ કરવા, તેને સ્થાન આપવું તેમજ નિષ્પક્ષપાતની સાથે પૂર્ણ રૂપથી સંપાદનનું કાર્ય કરવું. કદાચ સંપાદક પોતે જાતે લખે તો તે અપરાધ નથી, પરંતુ તે સંભવ નથી કે તે લેખક સંપાદક બીજાના લેખો વાંચી તેના ગુણ દોષોને દેખે, તેમજ સંપાદકના પ્રત્યેક કામની પોતે દેખરેખ રાખે અને પોતે લખતો રહે પરંતુ આવશ્યકતાનુસાર પોતાની લેખિનિથી પણ કામ લેવું જોઇએ. તો પણ મુખ્ય વિષયોને સુધારવાનું પત્રોના સંપાદકોનું પ્રધાન કાર્ય હોવું જોઇએ.

પત્રના સંપાદનમાં સાહસ, ને ધૈર્યની સાથે ધન, સમય અને શકિત પણ આવશ્યક છે અને એ બધાના સદ્વ્યય સર્વથા વાંછનીય છે. અમારા વિચાર પ્રમાણે નીચે લખેલી વાતો પર ધ્યાન રાખવાથી પત્રસંપાદન કાર્યમાં સહાયતા મળશે.

૧ પત્ર, પત્રિકાની ભાષા જેટલી સરલ-સુબોધ હશે તેટલી વધારે વંચાશે અને જો કઠિન ભાષા તેમાં હશે તો પત્રોને કેવળ વિદ્વાનોજ વાંચશે.

૨ પત્ર, પત્રિકા એવી પ્રકાશિત કરવી ( છપાવવી ) કે જેને દેખવાથી ચિત્ત પ્રસન્ન થાય, તેમાં કાગળો પણ એવા વાપરવા કે તે અમુક વખત ટકે.

૩ તેની કિંમત ઉપર પણ ધ્યાન આપવું જોઇએ. સામાન્ય નિયમ પ્રમાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" થોડા નફે અધિક માલ વેચવો. અને ત્યાં સુધી ઓછી કિંમતે આપવો તે સારી વાત છે.

૪ પત્ર, પત્રિકા પ્રકાશિત કરતાં તેનો સર્વત્ર બ્હોળો પ્રચાર થવો જોઇએ. બીજા દેશોમાં તે માટે અધિક આર્થિક વ્યય થાય છે.

૫ પ્રકાશિત વિષયો પર સ્વતંત્ર આલોચનામાટે આમંત્રણ કરવું જોઇએ કે જેથી તે વિષય નિર્દોષ થાય છે, તેમજ તે માંહે જો ત્રુટીયો હોય તો તે જાણવામાં આવે છે. કહેવામાં આવે છે કે સમાલોચનાથી પુસ્તકોનું વિક્રય પણ વધી જાય છે.

સંપાદન કાર્ય વિષય પર ઇંગ્રેજી ભાષામાં ઘણા ગ્રંથો છે, પરંતુ આ દેશમાં આ વિષયની ચર્ચા કમતી રહેતી હોવાથી આપણા ભારતવાસી સંપાદન કાર્યમાં અધિક અગ્રેસર થઇ શકયા નથી. વર્તમાન કાલમાં આ વિષયની કંઇક આવશ્યકતા પ્રતિદિન વધતી જાય છે, તેથી આશા છે કે સંપાદન કાર્યના મહત્વપર ઉચિત ધ્યાન રાખવાથી આ દેશમાં પણ સંપાદક લોકો સફલતા પ્રાપ્ત કરશે અને સર્વત્ર પ્રશંસાપાત્ર થશે.

## મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( ગતાંક પૃષ્ટ ૧૯ થી શરૂ )

**અનુ૦—વિઠ્ઠલદાસ મૂ. શાહ.**

સ્વપ્નાવસ્થામાં માનસિક અથવા સૂક્ષ્મ શરીરમાં કાંઈ ને કાંઇ કાર્ય ચાલ્યા જ કરે છે. તે સમયે એવી અનેક ઘટનાઓ ઉપસ્થિત થાય છે કે જે જાગ્રત અવસ્થાની ચેતના પર પોતાનો પ્રભાવ પાડે છે. ઉદાહરણ તરીકે જે લોકો પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે અતિ ઉત્સુક હોય છે અને દિવસે તે માટે મહાન્ પ્રયત્નો કરે છે, તેઓ સુઇ જાય છે અને જ્યારે બીજે દિવસે ઉઠે છે ત્યારે તેઓને પહેલા દિવસના પ્રયત્નનું કશું ફલ નથી જણાતું તથા તેઓને ફરી એજ માર્ગે ચાલવું પડે છે. આ ઉપરથી એમ પ્રતીત થાય છે કે તેઓનો પ્રયત્ન અને તેનાથી તેઓએ જે કાંઇ પ્રાપ્ત કર્યું હતું તે સઘળું જાગ્રતાવસ્થાની બાહ્યવૃત્તિમાં જ હતું. તેઓની સૂક્ષ્મ અને ગંભીરતર આંતરિક વૃત્તિ ઉપર તેનો કશો પ્રભાવ નહોતો પડયો. સ્વપ્નાવસ્થામાં તમારે અપ્રબુદ્ધ ( સુતેલી ) વૃત્તિઓની સાથે સંબંધ હોય છે અને તે તમારી પ્રબુદ્ધ વૃત્તિઓના સંપૂર્ણ પ્રયાસનો મર્મ બતાવીને તેને પોતામાં લીન કરી લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સાધક જ્યારે કોઇ ચમત્કાર જુએ છે ત્યારે તે કહે છે કે ' હું જલ્દી સમાધિ પ્રાપ્ત કરી લઇશ ' અને કઠિન પ્રયત્ન કરવા લાગે છે, પરંતુ તેનું મન અત્યધિક પ્રયાસને લઇને વિક્ષિપ્ત થઈ જાય છે અને તેને પરમાનંદ કે સમાધિ પ્રાપ્ત થતી નથી. એક બીજો મનુષ્ય અત્યધિક પ્રયાસમાં દોષ જોઈને પ્રયત્ન જ તજી દે છે. અને કહે છે કે–" મારે માટે સમાધિની હમણાં શી જરૂર છે ? " તેનું મન પણ સંકલ્પની શિથિલતાને કારણે પ્રમાદી બની જાય છે અને તે પણ સમાધિ પ્રાપ્ત નથી કરી શકતો. પરંતુ જે મનુષ્ય પોતાનું મન શિથિલ થતાં જ તેને શિથિલતાથી અને વિક્ષિપ્ત થતાં જ વિક્ષેપથી ખુબ સાવધાનીપૂર્વક સમાનભાવે મુક્ત કરે છે તે તેને પોતાના લક્ષ્ય તરફ લઇ જાય છે અને ફલસ્વરૂપ નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરી લે છે. દરેક મનુષ્યે એવા જ થવું જોઇએ.

સચેત રહો, જેવા દિવસે સચેત રહો છો તેવા જ રાતમાં પણ રહો. પહેલાં તમારે સચેત રહેવું પડશે અને ત્યારે જ તમે કંઇક મનનો સંયમ કરી શકશો. તમારામાંથી જે કોઇ પોતાના પૂર્વ સ્વપ્નોનું સ્મરણ રાખી શકશે તેઓ સ્વપ્ન જોતી વખતે પણ એવો અનુભવ કરશે કે તે સ્વપ્ન છે. તેઓ સમજશે કે જે કાંઇ સ્વપ્નમાં દેખાય છે તે ભૌતિક જગતનું નથી. એક વખત આટલું જાણી લીધા પછી તમે સ્વપ્નમાં પણ એવો અભ્યાસ કરશો જેવો જાગૃતિના સમયે ભૌતિક જગતમાં કરતા હશો. સ્વપ્ન જોતી વખતે પણ તમે તમારી ઇચ્છા–શક્તિને કામમાં લગાડીને તમારા સ્વપ્નની બધી ક્રિયાઓ બદલી શકો છો અને જેટલા તમે વધારે સાવધાન ( સચેત ) થતા જશો તેટલા–કદાચ તેથી પણ વધારે–તમે રાતમાં તમારૂં જીવન કાબુમાં રાખી શકશો. કેમકે રાતમાં તમે શરીર–યંત્રની ગુલામીથી મુક્ત રહો છો. જાગ્રતાવસ્થાની ક્રિયાઓને વશ કરવી ઘણી જ કઠિન છે, કેમકે તેઓ માનસિક અથવા સૂક્ષ્મ ક્રિયાઓની અપેક્ષાએ વધારે મજબૂત હોય છે અને તે બદલવામાં આપણો કાબુ પણ ઓછો ચાલે છે. રાતમાં મન અને પ્રાણ, ખાસ કરીને પ્રાણ, વધારે કાર્યશીલ હોય છે. દિવસે તે દબાઇ રહે છે અને જાગ્રત ચેતના યંત્રવત્ તેના ભાવો પ્રકટ કરતી રહે છે. રાતમાં તેના ઉપર કશું દબાણ નથી રહેતું અને તેથી તેઓ પોતાની સ્વાભાવિક અને સ્વચ્છંદ ગતિમાં જણાય છે.

તમે તમારા ભાવોને ધ્યાન, સચ્ચિન્તન, વિવેક તથા વિચાર દ્વારા શુદ્ધ કરી શકો છો.

આંખ અને કાન વૃત્તિજનક જ્ઞાનના દ્વાર છે. આંખો તથા કાન બંધ કરો. એમ કરવાથી તમે જગતના પાંચ ભાગમાંથી બે નષ્ટ કરી દો છો. એ બન્ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વારમાંથી કોઇપણ પ્રકારના વૃત્તિજ્ઞાનને મનમાં ન ઘુસવા દો. વાણી ( વાક્ઇન્દ્રિય ) દ્વારા મનની કોઈપિણ વાત બહાર આવવા ન દો, મૌન ધારણ કરો, એથી તમને સાધનામાં સહાયતા મળશે. આ રીતે તમે વિઘ્નોના ત્રણ રસ્તા બંધ કરી દેશો અને તમને શાંતિ–સુખ મળશે. પછી ઇશ્વરમાં યત્નપૂર્વક ધ્યાન લગાવો.

ચ્હેરા ઉપરથી મનની અંદરના ક્રોધની અટકળ કરી શકાય છે, પરંતુ બીજાના મનની અંદરની સૂક્ષ્મ વાસનાઓ જાણી લેવી ઘણી જ કઠિન છે, જો કે બોલવા ચાલવાથી, હાવભાવથી કંઇક ખ્યાલ આવી શકે છે.

જ્યારે તમે કોઇ મોટા શહેરની મોટી બજારમાં નીકળો છો ત્યારે પ્રત્યેક જ્ઞાનેન્દ્રિય પોતપોતાના વિષય તરફ તેનું સેવન તથા ભોગ કરવા માટે પોતાની શકિત અનુસાર ચેષ્ટા કરવા લાગે છે. જો તેને તેનો ભોગ પ્રાપ્ત નથી થતો તો તે ઘણી જ કુપિત થાય છે. જીભ તમને કોઇ હોટલ અથવા મીઠાઇવાળાની દુકાન તરફ ખેંચી જાય છે. ચામડી કહે છે કે “ આ મોટા શેઠની દુકાને ચાલો અને સુંદર રેશમી કાપડ ખરીદો. ” કાન કહે છે કે “ એક ગ્રામોફોન અથવા હાર્મોનીયમ ખરીદવું જોઇએ. ” નાક કહે છે કે “ ગુલાબના અત્તરની એક શીશી ખરીદો. ” મન એ બધી ઇન્દ્રિયોને ઉત્તેજીત કરે છે. એ રીતે પાંચે ઇન્દ્રિયોમાં અંદર અંદર એક તુમુલ યુદ્ધ મચે છે. અને પ્રત્યેક ભોગના પદાર્થોમાં પોતાનો વધારે હિસ્સો લેવા ચાહે છે, વિવેક ( સદસદ્ વિચારશકિત ) તે હમેશાં કામમાં લ્યો. ઇન્દ્રિયો તમને પ્રલોભનમાં નાખીને ઠગે છે. ઇન્દ્રિયો માયાવી છે. મન અને ઇન્દ્રિયો દ્વારા માયા પોતાની જાળ ફેલાવે છે. વૈરાગ્ય તથા વાસનાત્યાગ દ્વારા દમનનો અભ્યાસ કરો. ઇન્દ્રિયોના દમનથી તથા મનના શમનથી આનંદની પ્રાપ્તિ થાય છે. મીઠાઇવાળાની દુકાન તરફ જાઓ. પંદર મિનિટ સુધી ત્યાં ફરો. જાતજાતની મીઠાઇ તરફ ખુબ લોભીલી આંખોથી જુઓ પરંતુ કશું ખરીદશો નહિ. ઘરે આવો અને ઘરમાં પણ એવી સારી વાનીયો બનાવી હોય તો ત્યાં પણ એમ જ કરો. કેવળ દાળ રોટલી જ ખાઓ. એમ કરવાથી જીભ ઉપર તમારો અધિકાર જામશે. જીભ જ બધી ખરાબીનું મૂળ છે. એ રીતે છેવટે તમે મનને પણ વશ કરી શકશો અને તમારી ઇચ્છા –શકિત પણ વધશે.

કોઇ કોઇ વાર તમે કાંઇ યાદ કરવા ઇચ્છો છો પરંતુ તમને તે વાત યાદ નથી આવતી. એજ વાત થોડા સમય પછી ચિત્તમાં અચાનક ઝળકી ઉઠે છે. એ કેમ બને છે ? એ એક પ્રકારનો સ્મૃતિ દોષ છે. એ વિશેષ વાતના સંસ્કાર ખૂબ ઉંડા જઇને વિલીન થઈ જાય છે. ચિત્ત કે જે સંસ્કારોનો ખજાનો છે, જેનું કામ જ સ્મરણ કરવાનું છે તે કંઇક પ્રયત્ન કરે છે, સંસ્કારોની શુદ્ધિ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને તેને માયાજાળના દ્વારથી મનની સામે ઉપસ્થિત કરે છે. થોડો પ્રયત્ન કરતાં જુના સંસ્કાર ફરી જાગવા લાગે છે અને કોઇ ભૂલાઇ ગયેલા વિચારો અથવા કોઈ માણસનું નામ કે જે તમે થોડીવાર પહેલાં સ્મરણ કરવા ચાહતા હતા તે ચેતનામાં અચાનક ઝળકી ઉઠે છે. મગજમાં કોઇ એવો સંચય થઇ જાય છે કે જે કોઇ ભૂલાય ગયેલા વિચાર અથવા માણસના નામને પુનઃ યાદ કરવામાં બાધક થાય છે. એ સંચયને અલગ કરો છો કે તરતજ ભૂલાઇ ગયેલી વાત મનની સામે પ્રકટ થઇ જાય છે. જ્યારે મન શાંત હોય છે ત્યારે સ્મૃતિ ખૂબ તીક્ષ્ણ હોય છે.

સિદ્ધયોગીની બાબતમાં નથી કહી શકાતું કે કયારે પ્રત્યાહાર સમાપ્ત થાય છે અને ધ્યાન શરૂ થાય છે, અથવા કયારે ધારણા સમાપ્ત થાય છે અને ધ્યાનનો પ્રારંભ થાય છે તથા કયારે ધ્યાન સમાપ્ત થાય છે અને સમાધિ શરૂ થાય છે. એ તો જેવો આસન પર બેસે છે કે તરત જ વિજળી વેગે બધી ક્રિયાઓ એકી સાથે થતી દેખાય છે. અને તે પોતાની ઇચ્છાથી સમાધિસ્થ થઇ જાય છે. નવા સાધકમાં પહેલાં પ્રત્યાહાર થાય છે, પછી ધારણા શરૂ થાય છે. તે પછી ધીમે ધીમે ધ્યાનનો પ્રારંભ થાય છે અને સમાધિસ્થ થતા પહેલાં જ તેનું મન અધીરૂં થઇ જાય છે અને તે થાકીને બેસી જાય છે. થોડો આહાર લઇને જરા ગંભીરતા પૂર્વક સાધના કરવાથી સમાધિની પ્રાપ્તિમાં આશાતીત સફલતા મળે છે.

જ્યારે તમને અત્યંત ક્રોધ થાય ત્યારે તુરત જ અડધો કલાક તમારા સ્થાનથી દૂર ચાલ્યા જાઓ. ॐ शांतिः મન્ત્રનો ૧૦૮ વાર જપ કરો. તમારો ક્રોધ દૂર થઇ જશે. તે ઉપરાંત એક બીજી સ્હેલી રીત એ છે કે જ્યારે તમને ક્રોધ થવા લાગે ત્યારે એકથી ત્રીસ સુધી ગણી જાઓ.તમારો ક્રોધ શાંત થઇ જશે.

આ અસાર સંસારના જાતજાતના દુઃખોનું વારંવાર સ્મરણ કરો. जन्म मृत्यु जरा व्याधि दुःख दोषानु दर्शनम् । અર્થાત્ જન્મ, મૃત્યુ, ઘડપણ, રોગના દોષ અને દુઃખનું અંતઃકરણમાં વિવેચન કરો. મોહ નષ્ટ થઇ જશે. હંમેશાં મનને સમજાવતા રહો કે જગતમાં કેવળ દુઃખ અને દુઃખજ છે. સાધનાના અભિલાષિ માટે એ પ્રથમ સાધના છે. તેનાથી વૈરાગ્ય વધશે. મન વિષયોથી વિમુખ થશે અને ઇન્દ્રિયોના વિષયોનું આકર્ષણ ચાલ્યું જશે.

જ્યારે ઇર્ષ્યા–દ્વેષના વિચારો મનમાં આવે ત્યારે પહેલ વહેલાં શરીર તથા વાણીને સંભાળવાનો યત્ન કરો. ખરાબ કઠોર શબ્દો ન બોલો. નિન્દા ન કરો. બીજાને કષ્ટ આપવાની ચેષ્ટા ન કરો. થોડા મહિના સુધી આ પ્રકારનું સાધન કરવામાં સફળ થશો તો ખરાબ વિચારોને બહાર પ્રકટ થવાનો પ્રસંગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ મળવાથી તે આપો આપજ મટી જશે. શરીર તથા મનને સંભાળ્યા વગર શરૂઆતથી જ એવા વિચારોપર વિજય મેળવવો કઠિન છે.

મનમાં બે પ્રકારની શકિતયો છે. વિરોધાત્મક અને હિતકારક. વાસના વિરોધાત્મક શકિત છે અને તે તમને અધઃપતનની તરફ ઘસડે છે. શુદ્ધ બુદ્ધિ હિતકારક શકિત છે જે તમને દેવત્વમાં સ્થાપિત કરે છે. તેથી પરમાનંદની પ્રાપ્તિ અર્થે અને પરમ જ્ઞાનને અર્થે શુદ્ધ બુદ્ધિમાં વધારો કરો. વાસના આપો આપ મટી જશે.

રાજસિક મનને હમેશાં સંગ અને વાતચીતનીજ ધૂન રહે છે. એ બન્ને દોષ એવા છે કે જે મનને વિચ્છિન્ન કરે છે. સંગ તજી દો. એકાન્તવાસ કરો. મૌન રહો. તમને મનની શાંતિ પ્રાપ્ત થશે. અનેક દુઃખો કુસંગથી જ થાય છે; સંગ કરવામાં ખૂબ સાવધાન રહો. સારો, સાચો મિત્ર મળવો મુશ્કેલ છે; પુરેપુરી પરીક્ષા કર્યા વગર કોઇને પણ પોતાનો આંતરિક મિત્ર ન બનાવશો.

પ્રત્યેક ભાવના આપોઆપ અત્યંત નબળી પડી જાય છે. કેમકે મન અનેક જાતની જુદી જુદી અસંખ્ય ભાવનાઓમાં વિક્ષિપ્ત રહે છે. જેટલી ભાવનાઓને રોકવામાં આવે છે તેટલું જ મન એકાગ્ર થતું જાય છે અને પરિણામે મનને અધિક શકિત અને બળ મળે છે. ભાવનાઓને એક એક કરીને નષ્ટ કરી દો. એને માટે ધીરજ પૂર્વક કામ કરવાની જરૂર છે એ નિઃસંદેહ છે.

મન સાત્વિક થાય તોજ આત્મ-વિચાર થઈ શકે છે.

સંસારના કોઇ પણ વિષયમાં જરાયે આનન્દ નથી. મનમાંથી કે ઇન્દ્રિયોના વિષયોમાંથી આનંદ મળી શકે છે એમ સમજવું એ તો નિતાન્ત અજ્ઞાન છે. કોઇ વખત આપણી ઇચ્છાઓ સફલ થાય છે ત્યારે આપણે જોઇએ છીએ કે મન પોતાના મૂળ સ્થાન આત્મામાં સંલગ્ન થઇ જાય છે અને આત્મ-સુખ ભોગવે છે. જ્યારે ઇચ્છિત વિષય પ્રાપ્ત થાય છે ત્યારે મન આત્મિક સુખનો ઉપભોગ કરે છે.

ખરૂં પૂછો તો સંસાર કેવળ ભાવના માત્ર જ છે. જ્યારે મન ચિન્તન તજી દે છે, ત્યારે સંસાર લુપ્ત થઇ જાય છે અને અવર્ણનીય આનંદની પ્રાપ્તિ થાય છે. જ્યારે મન ચિન્તન કરવા લાગે છે ત્યારે પાછું જગત્ ઉપસ્થિત થાય છે અને દુઃખ પણ આવી પહોંચે છે.

આત્મામાં હમેશાં મનને સંલગ્ન રાખવાના પ્રયત્નને જ આત્મવિચાર કહે છે.

સ્વપ્નાવસ્થા તથા જાગ્રતાવસ્થા બન્નેમાં જ વિચાર, નામ અને રૂપ એકી સાથે ઉપસ્થિત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો મન વશ હોય તો પછી તમે મહેલમાં રહો કે ગુફામાં રહો, જગત્ વ્યવહારમાં રહો કે ચૂપચાપ બેસી રહો, બધું સરખું જ છે.

પુરૂષ પોતાની પત્ની સાથે વિષય સેવન ત્યારે જ કરે છે કે જ્યારે તે સહાનુભૂતિ પૂર્ણ હૃદયથી આવે છે. તેની સાથેના ભોગની સ્મૃતિ તેના મનમાં થાય છે અને સ્ત્રીથી અલગ થયા પછી પણ તેની અનુભૂતિ થયા કરે છે. આધ્યાત્મિક સાધકને માટે એ અનુભૂતિ અને સ્મૃતિ ખરાબ પ્રકારની વૃત્તિઓ છે. જો કે સાંસારિક પુરૂષને માટે તો એ લાભદાયક છે. અનુભૂતિ મનને સ્થલ બનાવે છે અને બેચેની પેદા કરે છે. કોઇ પણ વસ્તુની પ્રતીક્ષા ન કરો. તેનાથી માનસિક પીડા થાય છે. તમે પ્રતીક્ષા નથી કરતા તો તમને નિરાશા પણ નથી થઇ શકતી. બધી સાંસારિક વાતો ભૂલતા જાઓ. કેવળ એક ઇશ્વરને જ યાદ રાખો. પ્રભુ નામનો જ જાપ કરતા રહો. બીજું બધું સ્વપ્ન છે. સંસાર એક દીર્ઘ સ્વપ્ન છે.

જ્યારે તમે કોઇ ખરાબ ટેવ છોડીને તેને બદલે એક નવી સારી ટેવ પાડવા ઇચ્છો છો ત્યારે ઇચ્છાશકિત અને સ્વભાવ વચ્ચે એક આંતરિક વિગ્રહ ચાલે છે. સ્વભાવ પોતાની ટેવને પકડી રાખવાની શકિતભર ચેષ્ટા કરશે, તેને અનુકુળ કદિ પણ ન બનો. ઇચ્છા-શકિતનો છેવટે વિજય થશે, તમે એક-બે વાર નિષ્ફળ પણ જાઓ તો કાંઇ ફિકર નહિ. વારંવાર ઇચ્છા-શકિતનો ઉપયોગ કરો. મનની અંદર કેવી કેવી ક્રિયાઓ ચાલી રહી છે તે સમજવા માટે શુદ્ધ બુદ્ધિ તથા સૂક્ષ્મ પ્રજ્ઞાની આવશ્યકતા છે. જે અંતઃપ્રેક્ષણનું કામ કરે છે. એક એકાંત ઓરડીમાં એકલા શાંત ચિત્તે બેસી જાઓ અને જાત-જાતના માનસિક દશ્યોનું તથા માનસિક દશાઓનું અને ભાવોનું, સંકલ્પ-વિકલ્પોનું, આવેગ, સંક્ષોભ, ચાપલ્ય અને રૂચિ વિગેરેનું નિરીક્ષણ કરો. અતઃ પ્રાણમય જીવનની સૂક્ષ્મ અવસ્થાઓનું નિરીક્ષણ ખૂબ કુતુહલપ્રદ થશે. ચાલુ.

## વર્તમાન સમાચાર.

**શ્રી ભાવનગર-સમેતશિખરજી જૈન સ્પેશીયલ ટ્રેઇન**—અત્રેથી શ્રી વડવા **જૈન મિત્ર મંડળના** નેતૃત્વ નીચે આસો શુદ ૧૦ બુધવારના રોજ શુમારે ત્રણસો જૈન બ્હેનો-બંધુઓને લઇ ભોયણીજી, આબુજી, રાણકપુરજી, કેશરીયાજી, પાવાપુરી વચ્ચેના પંચતીર્થી, કલકત્તા, સમેતશિખરજી, અંતરીક્ષજી, મુંબઇ વગેરે થઇ ભાવનગર આવશે, આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાત્રાનો પ્રવાસ ૫૧ દિવસનો લગભગ છે. આ મુસાફરીમાં યાત્રાળુ બ્હેન-ભાઇઓને રાહત મળે તે માટે સામાન્ય ક્રમ કરતાં ડબલ જગ્યા આપવામાં આવશે. સ્થાનોની માહેતી માટે તીર્થોની વિગતો, જમવા માટેની યોગ્ય સગવડ, આરોગ્યતા સાચવવા માટે દવા-ડોકટરનો જોગ, સામાન ટ્રેનમાંજ રાખવાની સગવડ, દીવાબત્તી, ચોકીપહેરો વગેરે સગવડો રેલવે તરફથી પણ આ મંડળે મેળવી છે. રેલવે ટીકીટ ખર્ચ માટેના રૂા. ૭૩) રાખવામાં આવ્યા છે. આ શહેર માટે આ પ્રથમ પ્રયત્ન છે. આવી ઉંચા પ્રકારની સગવડ સાથે યાત્રા માટેનો લાભ અપાવવા અને અપરિમિત સેવા કરવા ઉઠાવેલ પ્રયત્ન માટે અમો ઉપરોક્ત મંડળના પ્રમુખ શ્રી **ગુલાબચંદ લલ્લુભાઇ** તથા મંત્રીઓ **શા લલ્લુભાઈ દેવચંદ અને શેઠ હરિલાલ દેવચંદ** વગેરે બંધુઓને ધન્યવાદ આપીયે છીયે. નાની નાની સેવા કરતાં આવી મહાન્ સેવા આ મંડળે ઉઠાવેલ હોવાથી અમારો આનંદ જાહેર કરીયે છીયે, અને નિર્વિઘ્ને યાત્રાનું આ કાર્ય સફળ થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

## " રામસેણ તીર્થના જીર્ણોદ્ધારની શરૂઆત " થઈ ગઇ છે.

રામસૈન્ય તીર્થ ભીમપલ્લી ( શ્રી ભિલ્લડીયાજી )થી ઉત્તર દિશામાં સુમારે ૧૨ કોસ, અને નવા ડીસા ( ડીસાકેમ્પ ) થી દશ કોશને છેટે આવેલું છે. તેનું વિશેષ વૃત્તાંત જૈન યુગમાં અંક ૫ મામાં ઇતિહાસજ્ઞ શ્રીમાન્ **મુનિ કલ્યાણવિજયજી** મહારાજે છપાવેલ છે. આ પ્રાચીન જૈન તીર્થના જીર્ણોદ્ધારની, તથા યાત્રાળુ માટે ધર્મશાળાની ખામી જણાવાથી શ્રીમાન્ મુનિ મહારાજ **શ્રી હંસવિજયજી મહારાજ સાહેબે**, તથા પંન્યાસજી **શ્રી સંપદ્‌વિજયજી** મહારાજે જુના ડીસા શહેરના સદ્‌ગૃહસ્થોને સદુપદેશ આપતાં ત્યાંના શ્રી સંઘે આ તીર્થના ઉદ્ધાર માટે એક ત્યાંના સદ્‌ગૃહસ્થો છ ની કમીટી નીમી છે. તેમાં નવા બીજા સદ્‌ગૃહસ્થોએ વખતોવખત સહાયક થવા સ્વીકાર્યું છે અને રૂ. ૧૮૦૦) ની રકમ ભરાએલી છે. તથા " ધર્મશાળા માટે " રૂા. ૫૮૦) ની રકમ ભરાઇ છે જેમાં રૂ. ૨૫૧) તો અમદાવાદવાળા શ્રાવિકા સરસ્વતીબાઇએ દીક્ષા લેવાની ખુશાલીમાં ભરાવ્યા છે અને દીક્ષા ખુશી ખુશાલી સાથે મોટા ઠાઠથી લીધી છે.

ઉપરોકત શુભ કાર્યમાં ઉત્તમ લાભ લેવાની ઇચ્છાવાળા સદ્‌ગૃહસ્થોએ જુના ડીસા શહેરના તથા નવા ( ડીસા કામ્પ ) ના શ્રી સંઘને ખબર આપવી.

**તા. ક.** આ ઘણુંજ પ્રાચીન તીર્થ છે. માટે જીર્ણોદ્ધારમાં મદદ કરવાની ખાસ આવશ્યકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી યતીન્દ્ર-વિહાર દિગ્દર્શન**—બીજો ભાગ સચિત્ર હિંદિ ભાષામાં સંયોજક ઉપાધ્યાયજી **યતીન્દ્રવિજયજી મહારાજ**-પ્રકાશક શ્રી સૌધર્મબૃહત્તપોગચ્છીય શ્રી **શ્વેતાંબર જૈન સંઘ હ૦જી ( મારવાડ )** કિંમત રૂા. ૧-૮-૦ લેખક મુનિ મહારાજે સં. ૧૯૮૫ ના ફાગણ શુદ ૨ ના રોજ થરાદ ( ગુજરાત )થી આબુ તથા ગોલવાડનાં પ્રાચીન તીર્થોની યાત્રા કરીને વિહારના દરમ્યાન રસ્તામાં આવેલ ગામો, તેમાં આવેલ જૈનોની સંખ્યા, જૈન મંદિર, જિન પ્રતિમા, ધર્મશાળા અને ઉપાશ્રયો આદિ શિલાલેખો પ્રશસ્તિઓ આપેલ છે જે ડીરેકટરીના રૂપમાં આપેલ છે. સાથે ચિત્રો અને શિલાલેખો આપવાથી કેટલેક અંશે ભૌગોલિક અને ઐતિહાસિક સાહિત્યની સંકલના જોડેલી છે. પુસ્તકાલયમાં સંગ્રહવા યોગ્ય આ દિગ્દર્શન છે.

**શ્રી કોરટાજી તીર્થ ઇતિહાસ**—સંપાદક ઉપાધ્યાયજી **શ્રી યતીન્દ્રવિજયજી મહારાજ** પ્રકાશક સાંકળચંદ કિસનાજી તથા જવાનમલ રખવદાસ, હજારીમલ જોરાજી નોવી ( મારવાડ ) મૂલ્ય સદુપદેશ. હિંદી ભાષામાં શ્રી રાજેન્દ્ર પ્રવચન કાર્યાલયનો સીરીઝ તરીકે આ પ્રથમ ગ્રંથ છે. ઇતિહાસ પ્રસિદ્ધ શ્રી કોરટાજી તીર્થનો પ્રાચીન અર્વાચીન ઇતિહાસ સંપાદક મુનિ મહારાજે ખંતપૂર્વક સંશોધન કરી તેનો સંક્ષિપ્ત આ બુકમાં આપવામાં આવેલ છે. સાથે જિન પ્રતિમાની પ્રાચીન અર્વાચીન તેમજ દેવાલયની છબીઓ આપી ગ્રંથની સુંદર રચના કરી છે. આ રીતે પ્રાચીન તીર્થોનો ઇતિહાસિક સમૂહ એકઠો થતાં જૈન ઇતિહાસ સાહિત્યના લેખકોને ઘણી સરલતા પ્રાપ્ત થશે એમ અમારૂં માનવું છે.

**૧ શ્રી બૃહદ્ તીર્થ પૂજા કર્ત્તા મુનિરાજ શ્રી દર્શનવિજયજી** મહારાજ— કલકત્તામાં બિરાજમાન આ મુનિરાજશ્રીએ ત્યાંના શ્રી સંઘને ઉપદેશામૃતનું પાન કરાવી અનેક ધાર્મિક કૃત્યો શ્રી સંઘથી કરાવી અનેક ઉપકારો કર્યા છે. આ પૂજા બનાવવાનું નિમિત્ત પણ તેવુંજ માંગલિક કાર્ય છે. ઘેર બેઠાં તીર્થ વંદન કરવા ઇચ્છનાર માટે ઉપયોગી કૃતિ છે. આમાં પાંચ પૂજાઓ ૧૦ ઢાલ છે. જેમાં પ્રથમમાં ઉજ્જનથી ઉત્તર વાયવ્ય તીર્થો તથા વીશ વિહરમાનને, બીજી પૂજામાં ઇશાનના તીર્થો તથા ગત ચોવીશીને ત્રીજીમાં દક્ષિણ અગ્નિ દિશાના તીર્થો તથા વર્તમાન ચોવીશીને, ચોથામાં પશ્ચિમ નૈરૂત્ય તીર્થો તથા ભાવિ ચોવીસી, પાંચમી પૂજામાં શાશ્વત ચૈત્યો તથા શાશ્વત તીર્થંકરોને વંદન કરેલ છે. આ એક નવીન રચના છે. કલકત્તા નિવાસી જૈન સંઘના અગ્રગણ્ય શેઠ **નરોતમદાસ** તથા **પ્રાણજીવનદાસ** જોહાભાઇએ મળેલ સુકૃત લક્ષ્મીનો આ બુક છપાવી ભેટ આપવામાં જ્ઞાન-સાહિત્ય પ્રચાર માટે જે લાભ લીધો છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

**૨ અષ્ટપ્રકારી પૂજા પદ સંગ્રહ**—સ્વર્ગવાસી ચારિત્રવિજયજી ( કચ્છી ) મુનિરાજના સુશિષ્ય રત્નો મુનિરાજે દર્શનવિજયજી જ્ઞાનવિજયજી અને ન્યાયવિજયજી મહારાજ જે કે હાલ કલકત્તા ચાતુર્માસ રહેલા છે. તેમાંથી મુનિરાજ **જ્ઞાનવિજયજી** મહારાજ આ પૂજાના સંપાદક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બુકમાં અષ્ટપ્રકારી પૂજા સાથે, હિંદી સ્તવન પદ સંગ્રહ પણ સાથે તૈયાર કરી હિંદિ ભાષા જાણનાર માટે સરળતા કરી આપી છે. જુદા જુદા રાગ–રાગિણીમાં તે બતાવેલ છે. કિંમત બે આના. બંને બુકો મળવાનું સ્થળ શ્રી ચારિત્રસ્મારક ગ્રંથમાળા કાર્યાલય વીરમગામ ( ગુજરાત ).

૩ **શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક બોર્ડીંગ**—સને ૧૯૩૦ નીશાલનો રીપોર્ટ. પચીશ વર્ષ થયાં શેઠ લલ્લુભાઇ રાયજીએ અન્ય બંધુઓની મદદવડે આ બોર્ડીંગની સ્થાપના થયેલ છે. રીપોર્ટ વાંચતાં દિવસાનુદિવસ આ સંસ્થા પ્રગતિમાન થયેલ જણાય છે. તેના કાર્યવાહકો કેળવાયેલ અને ધનાઢ્ય હોવાથી વહીવટ યોગ્ય રીતે થાય તે સ્વાભાવિક છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણા સં. ૧૯૮૬ નો રીપોર્ટ તથા હિસાબ**—આ સંસ્થાની કાર્યવાહીનો વિસ્તાર પૂર્વક રીપોર્ટ દર વર્ષે પ્રકટ થાય છે અને સંક્ષિપ્તમાં પણ થયેલ દરેક હકીકત પ્રસિદ્ધ **જૈન પેપર**માં પત્રિકારૂપે બહાર પડે છે. આ પદ્ધતિને લઇને આ સંસ્થાને સહાય આપનારનો ઉદ્દેશ અને ઇચ્છા તરત જ બર આવેલી જોઇ હોંશે હોંશે જૈન બંધુઓ આર્થિક સહાય આપવા ઇચ્છા ધરાવે છે. આવી બંધારણ અને ઉદ્દેશ પૂર્વક વહીવટ કરવાની પદ્ધતિ છતાં અને જાણવા પ્રમાણે હાલમાં દોઢસો ( કોઇ સંસ્થામાં હશે તેમ જાણવામાં નથી. ) વિદ્યાર્થીઓને માનસિક, અધ્યાત્મિક અને શારીરિક શિક્ષણ આપતી સંસ્થાને હજી પણ તેની સગવડ માટે–ભવિષ્યના મનોરથ માટે આર્થિક સહાયની યાચના જૈન સમાજ પાસે કરવી પડે છે. વિદ્યાર્થીઓના શિક્ષણ, શારીરિક સંરક્ષણ અને તેને લગતી અનેક સગવડતા, યોજના દિવસાનુદિવસ થતી જતી હોવાથી તેના કાર્યવાહકોને આર્થિક સગવડ જૈન સમાજે બનતી ત્વરાએ કરી આપવાની જરૂરીયાત છે. દોઢસો વિદ્યાર્થીઓ લાભ લે છે છતાં હજી પણ સંખ્યાબંધ અરજીઓ વિદ્યાર્થીઓને દાખલ થવા આવેલ છે–આવતી જાય છે; પરંતુ આર્થિક બાબતની સગવડતા પુરતી ન હોવાથી કાર્યવાહકો દુખાતા મને નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકતા નથી જે જૈન સમાજે વિચારવાનું છે. જેથી હજી પણ જૈન સમાજના બાળકોને કેટલી શિક્ષણ અને તેના સાધનોની જરૂરીયાત છે તે આ ઉપરથી જણાય છે; છતાં અત્યારે દોઢસો વિદ્યાર્થીઓને નિભાવતી, સુંદર શિક્ષણ આપતી આ સંસ્થાને યથાશક્તિ આર્થિક સહાય આપવાની જૈન બંધુઓને સુચના કરીએ છીએ. ઉપરોકત રિપોર્ટ વાંચતાં દરેકે-દરેક કાર્યવાહીનું સ્ફૂટ વર્ણન, આવક જાવક અને ખર્ચનો હિસાબ દર વર્ષની જેમ આ રીપોર્ટમાં આપવામાં આવેલ છે. જે વાંચવાથી કરવામાં આવતા વહીવટ માટે સંતોષ ઉત્પન્ન થાય તેવું છે. વહીવટ અને હિસાબ ચોખવટવાળા છે. આ સંસ્થાની ભવિષ્યમાં અમો વિશેષ પ્રગતિ–ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વીશાશ્રીમાળી જૈન બોર્ડીંગ હાઉસ**—જુનાગઢનો પ્રથમ વર્ષનો રીપોર્ટ દાનવીર શેઠ દેવકરણભાઇની ઉદાર સખાવતથી આ ખાતાનો ઉપરોકત શહેરમાં જન્મ થયો છે. આ સંસ્થા સં. ૧૯૨૨ ની સાલથી ચાલે છે જેનો પ્રથમ વહીવટ મુંબઇની કાર્યવાહક સમિતિ મારફત ચાલતો હતો; પરંતુ ઉક્ત શેઠે પોતાની આખર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિએ ( તા. ૧૮-૩-૨૯ ના રોજ રૂા. ૩૧૬૧૭૮ નું ટ્રસ્ટડીડ કરી ટ્રસ્ટીઓને આખો વહીવટ સોંપી દીધેલ છે ત્યારથી આ રીપોર્ટમાં આવેલ કાર્યવાહી શરૂ થયેલ છે. રીપોર્ટમાં ઉપરોકત હકીકત બંધારણ, ધારા. ઉદ્દેશ ટ્રસ્ટડીટની નકલ, કાર્યવાહી વગેરે હકીકત વિસ્તાર પૂર્વક જૈન સમાજને જાણ થવા રીપોર્ટમાં મુકી છે અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

## આચાર્ય શ્રી વિજયકેસર સૂરીશ્વરનો સ્વર્ગવાસ.

બાળબ્રહ્મચારી આચાર્ય શ્રી વિજયકમળસૂરિજી મહારાજના વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયકેશર સૂરીશ્વરજી શુમારે આઠ માસની લાંબી બિમારી ભોગવી શ્રાવણ વદી ૫ ના રોજ ॐ अर्हम ના જાપ-ધ્યાનપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. સત્તર વર્ષની વયે ચારિત્ર ગ્રહણ કર્યું હતું અને આખર સુધી ( શુમારે આડત્રીશ વર્ષ સુધી ) નિરતિચાર ચારિત્ર પાળી સાથે અમુક અંશે યોગ સાધી યોગનિષ્ઠ પણ થયા હતા. તેઓશ્રી સારા વ્યાખ્યાનકાર, લેખક અને જૈન ધર્મના અભ્યાસી હતા. ઘણા ગ્રંથો તેઓએ સામાજિક લખી જૈન સમાજ ઉપર ઉપકાર કર્યો હતો. તેઓશ્રીનો ઉપદેશ જૈન સિદ્ધાંતાનુસાર સર્વમાન્ય હોવાથી સ્થળે સ્થળે જૈનેતર મનુષ્યો પણ તેમના વ્યાખ્યાન અને ગ્રંથોનો લાભ સારી રીતે લેતા હતા. તેઓશ્રી શાંત સ્વભાવી, સરલ હૃદયી, ચારિત્રપાત્ર મુનિ હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી એક વિદ્વાન મુનિવરની જૈન સમાજને ખોટ પડી છે. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

## ભાઇ દામોદરદાસ ગોવીંદજીનો સ્વર્ગવાસ.

ગયા માસની શુદ ૧૦ ના રોજ થોડા દિવસની બિમારી ભોગવી બંધુ દામોદરદાસ ગોવીંદજી શુમારે સાઠ વર્ષની વયે પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે માયાળુ, સ્નેહની રખાવટવાળા, વગર બ્હીકે જેવું જોયું હોય તેવું સ્પષ્ટ કહેનારા હતા. કોઇપણ કાર્યમાં તેમને મુકો તો તે સીધી રીતે પાર પાડનાર એક કાર્યવાહક હતા. આ સભાના શુમારે ત્રીશ વર્ષથી ઉત્સાહી લાગણીવાળા એક સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી એક ઉપયોગી સભાસદની સભાને ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઇફ મેમ્બરોને નવીન ગ્રંથોની ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો આવતા આસો માસની આખેરીએ અમારા લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે પોસ્ટખર્ચ થી ભેટ મોકલવામાં આવશે.

| | |
|---|---|
| ૧ સુકૃતસાગર—પૃથ્વીકુમાર ચરિત્ર જૈન ઐતિહાસિક. માંડવગઢનો મહાન્ મંત્રીશ્વરની ગૌરવશાળી કથા–ચરિત્ર. | ૧–૦–૦ |
| ૨ શ્રી પ્રભાવક ચરિત્ર—વર્ત્તમાનકાળના બાવીશ આચાર્યોના પ્રભાવશાળી ઐતિહાસિક દૃષ્ટિએ પ્રકટ થયેલ ચરિત્રો. | ૨–૮–૦ |
| ૩ શ્રી ધર્મપરીક્ષા—કેવા પ્રકારની પરિક્ષા કરી ધર્મ ગ્રહણ કરવા તેના વિવેચન અને તે ઉપર કથાઓ સહિત. | ૧–૦–૦ |

ઉપરોક્ત ગ્રંથો તૈયાર થાય છે. જેથી ઉપરોક્ત મુદત પહેલાં મંગાવવાની કે તે માટે પત્ર લખવાની કોઇ સભાસદે તસ્દી ન લેવી.

# કોને લખશો ?

પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વમાં લ્હાણી માટે જોઇતાં **સસ્તાં અને સારાં પુસ્તકો** માટે—તેમજ ચાતુર્માસમાં નિવૃત્તિમાં વાંચવા લાયક **ધાર્મિક ઇતિહાસીક પુસ્તકો** માટે એક વખત અમને લખી ખાત્રી કરશો.

**કારણકે**—અમારાં પોતાનાં પ્રકાશનો ઉપરાંત દરેક જાણીતી જૈન સંસ્થાઓનાં–બુકસેલરોનાં પુસ્તકોનો સારો સ્ટોક અમારે ત્યાં રહે છે અને તે ઉપરાંત જૈનેતર નોવેલોનો પણ પસંદ કરાયેલો સારો સ્ટોક રહે છે. વધુ જાણુ માટે અમારૂં લીસ્ટ મંગાવો અને જૈનપત્ર તેમજ આત્માનંદ પ્રકાશ માસિકમાં વહેંચાયેલ અમારૂં લીસ્ટ વાંચો—

**જૈન સસ્તી વાંચનમાળા.**
**પાલીતાણા** ( કાઠીયાવાડ )

## કલકત્તાવાળાના વિવિધ રંગોથી મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. | નામ. | કીંમત. |
|---|---|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો. | ૦-૧૨-૦ | શ્રી જીનદત્તસૂરિજી ( દાદા સાહેબ ) | ૦–૬–૦ |
| શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ | છ લેશ્યા. | ૦–૬–૦ |
| | | મધુબિંદુ. | ૦–૬–૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦–૮–૦ | શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦–૪–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦–૮–૦ | **ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ.** | |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦–૮–૦ | શ્રી મહાવીર સ્વામી. | ૦–૮–૦ |
| શ્રી ગૌતમ સ્વામી. | ૦–૮–૦ | શ્રી ગૌતમ સ્વામી મહારાજ. | ૦–૮–૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦–૮–૦ | સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી | |
| શ્રી રાજગિરિ સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ | સોનેરી બાઇન્ડીંગ સાથે. | ૨–૮–૦ |
| શ્રી પાવાપુરીજી સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ | જંબુદ્વીપનો નકશો રંગીન. | ૦–૬–૦ |
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ | નવતત્ત્વના ૧૫૫ ભેદનો નકશો. રંગીન | ૦–૨–૦ |

મળવાનું સ્થળ, **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૯ મું. વીર સં. ૨૪૫૭. ભાદ્રપદ. આત્મ સં. ૩૬. અંક ૨ જો.

## —કામ કરો—

" જો તમે ગરીબ હો તો કામ કરો. જો તમને નિરાશા થાય તો તો જરૂર કામ કરો. જો તમે ધનવાન હો તો પણ કામ કરવાનું તો ચાલુજ રાખો.

જો તમે સુખી હો તોયે પહેલાંની માફક-કામ કરતા જ રહો.

તમને ગમે તેટલું દુઃખ થતું હોય તેની દરકાર ન રાખતાં કામ કરો.

જો સત્ય ડગમગતું હોય અને વિચારશક્તિ નબળી પડતી હોય તોયે કામ તો કરો જ.

જો ગેરવ્યાજબી લાગતી જોખમદારી તમારા ઉપર આવેલી જણાતી હોય તો પણ કામ કરી છુટો.

ઘડેલા મનોરથો અફળ ગયા હોય અને તમારી આશાઓ ભંગ થયેલી જણાય ત્યારે તો અવશ્ય કામ કરો. "

( બોધક )

For Private And Personal Use Only